આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

સાચો જ્ઞાની માણસ જગતની ચકાચોંધથી વિચલીત થતો નથી - ભર્તુહરિ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૨૭ | ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૫, મંગળવાર ; મહા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં વધુ ૪ કેસ : મહિલાનું મોત

## ગાંધીનગર શહેરમાં સે. ૨ અને ધોળાકુવામાં પોઝીટીવ કેસ નોંધાયા : વાવોલમાં પણ મહિલા સપડાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ ૪ કેસ પોઝીટીવ નોંધાતાં જિલ્લાના કુલ કેસોની સંખ્યા વધીને ૧૯૫૨ પર પહોંચી છે, જ્યારે એક મહિલા દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું છે.

આજે નોંધાયેલ ૪ કેસમાં બે કેસ ગાંધીનગર શહેરના છે જ્યારે એક કેસ ગાંધીનગરને અડીને આવેલ વાવોલ ગામનો છે તો એક કેસ કલોલના રામનગરમાં નોંધાયો છે.

ગાંધીનગર શહેરના સે. ૨માં રહેતો ૩૫ વર્ષીય યુવાન તેમજ ધોળાકુવાનો પણ ૩૭ વર્ષીય યુવાન સ્વાઈન ફ્લુની ઝપટમાં આવી જતાં તેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. આ બન્ને દર્દીઓની સ્થિતિ સારી અને સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

વાવોલમાં એક ૫૫ વર્ષીય મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. આ મહિલાને સારવાર માટે સોલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલના રામનગરમાંથી એક ૮૫ વર્ષીય વૃદ્ધને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવેલ છે અને હાલ તે વેન્ટીલેટર પર હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન બારડોલી કોઠીમાંથી ગઈકાલે નોંધાયેલ મહિલાનું આજે સારવાર દરમ્યાન મૃત્યુ નોંધાયેલ છે. આ મહિલા ગર્ભવતી હોવાનું જણાયેલ છે. ૨૫ વર્ષીય મહિલાના મોતને લઈ સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

સ્વાઈન ફ્લુને કારણે જિલ્લામાં મૃત્યુનો આંક બે થયો છે. બન્ને મહિલા દર્દીઓના મોત નીપજ્યા છે. બન્ને મહિલા દર્દી દહેગામ તાલુકાની છે.

દરમ્યાન ગાંધીનગર શહેરમાં આશા બહેનો દ્વારા શરૂ કરાયેલ સર્વેલન્સમાં સે. ૨૬ના ૭૦૦ મકાન સહિત ૧૭૦૦ જેટલા મકાનોનું સર્વેલન્સ પૂર્ણ થયાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. સર્વેલન્સમાં કોઈ શંકાસ્પદ કેસ નહિ મળ્યાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

**જીવનનો પડકાર :** સમાજ જીવનમાં નીત-નવા જીવનના સ્વરૂપો જોવા મળે છે. ગાંધીનગરમાં છેલ્લા પાંચ દિવસથી ચાલતા ઈન્ટરનેશનલ પ્રદર્શન પ્લાસ્ટ ઈન્ડિયાના પ્રાંગણમાં ભારતની અને ગરીબીની ખુમારીનું ચિત્ર આ તસવીરમાં પ્રતિબિંબિત થાય છે. લાખ્ખો રૂપિયાની મશીનરી જ્યાં વેચાય છે, લાખ્ખો રૂપિયા ગાડીઓમાં કરોડો રૂપિયામાં રમતા ઉદ્યોગપતિઓની અવરજવર છે. જ્યાં સમગ્ર વાતાવરણ વાયબ્રન્ટ... વાયબ્રન્ટ... છે ત્યાં સાયલેટ સ્વાલંબન પણ છે. બારસોથી બે હજાર રૂપિયાની ડીશ જમનારાઓની સામે પાંચ રૂપિયા કે દસ રૂપિયાના ચણાચોર ગરમ વેંચવા લઈને ઉભા રહેવાની ખુમારી આ ભૂમિમાં જ પ્રગટે છે. વિરોધાભાસ ભલે ડગલે ને પગલે હોય પણ આત્મવિશ્વાસ તો જીવનના પડકાર ઝીલનારામાં અચૂક હોય છે.

## જિલ્લાનાં ૧૭ આયુર્વેદ દવાખાનામાં સ્વાઈન ફ્લુની વિનામૂલ્યે સારવાર

ગાંધીનગર, તા. ૯

રોગ -તિકારક શક્તિની વૃધ્ધિ અને વાઈરલ બેક્ટેરીયલ ઈન્ફેકશન સામે રક્ષણ મેળવવા માટે ગાંધીનગર જિલ્લામાં આવેલી ૧૭ સરકારી આયુર્વેદ દવાખાનામાં વૈધકીય સલાહ અનુસાર -કૃતિ જાણી આ ઋતુમાં કેવો આહાર તથા વિહાર માફક આવે તે જાણી તથા હાલની પરિસ્થિતિ અનુસાર રોગ -તિકારક શક્તિની વૃદ્ધિ તથા થયેલ રોગની વિના મૂલ્યે સારવાર અને સલાહ આપવામાં આવશે.

ડૉ. બી.ટી.પટેલે જણાવ્યું છે કે,હાલમાં સ્વાઈન ફ્લુના કેસનો વધારો જોવા મળી રહેલ છે. તેના લક્ષણ આયુર્વેદમાં વર્ણિત વાત શ્લેષ્મિક જવરની સાથે મળતા આવે છે. આયુર્વેદ મતાનુસાર હાલમાં ઋતુસંધિ ચાલી રહેલ છે. શિશિર ઋતુ પૂર્ણ થઈને વસંતઋતુની શરૂઆત હોવાથી હાલમાં આપણા તમામના શરીરમાં કફનો -કોપ થાય છે. આથી આ ઋતુમાં કફ જન્ય રોગો જેવા કે શરદી, ખાંસી, તાવ થવાની સંભાવના વધુ રહેલ છે. ઋતુસંધિના સમયગાળામાં રોગ -તિકારક શક્તિ પણ અલ્પ થતી હોય છે. હાલમાં સ્વાઈન ફ્લુ તથા અન્ય બેક્ટેરીયલ ઈન્ફેકશન વધુ -માણમાં ચાલી રહેલ છે. આયુર્વેદ મતાનુસાર જયારે શરીરની રોગ -તિકારક શક્તિ ઓછી થાય છે ત્યારે આ -કારના ઈન્ફેકશન લાગવાની સંભાવના વધુ હોય છે.

રોગ -તિકારક શક્તિની વૃદ્ધિ અને વાઈરલ બેક્ટેરીયલ ઈન્ફેકશન સામે રક્ષણ મેળવવા માટે ગાંધીનગર જિલ્લામાં આવેલ સરકારી આયુર્વેદ દવાખાના અને જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનામાં પોર, જમીયતપુરા, સેકટર-૭, સેકટર-૨૯, અમીયાપુર, ટીટોડા, કુડાસણ, સરઢવ, દોલા વાસણા, મગોડી, રિદ્રોલ, પરબતપુરા, ઈસંડ, કલોલ, ખાનપુર, પીપળજ, અને ગાંધીનગર સીવીલ આયુર્વેદ ઓ.પી.ડી ખાતે વિના મૂલ્યે સારવાર અને સલાહ આપવામાં આવનાર છે.

## ૯૭ નગરપાલિકાઓની બાકી સ્ટ્રીટ લાઈટ બીલોની ચૂકવણી માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજના

ગાંધીનગર, તા.૯

રાજયની ૯૭ નગરપાલિકાઓ પાસેથી બાકી સ્ટ્રીટ લાઈટ અને વોટર વર્કસ પેનલ્ટી સહીતના બીલોની વસુલાત માટે રાજય સરકાર દ્વારા વન ટાઈમ સેટલમેન્ટની યોજના અમલમાં મુકવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયની ૧૫૯ નગરપાલિકાઓ પૈકી ૯૭ નગરપાલિકાઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી સ્ટ્રીટ લાઈટ અને વોટર વર્કસના પેનલ્ટી સહીતના બીલની રૂ. ૫૪૪.૫૫ કરોડની રકમ સંબંધિત વીજ કંપનીઓને ચૂકવવાની બાકી હતી.

નાણા ચૂકવવા નગરપાલિકાઓ પાસે પુરતું ભંડોળ ઉપલબ્ધ ન હોવાથી વીજ કંપનીઓને ચૂકવવાના થતાં બાકી બીલોની ચૂકવણી અંગે આ રકમ વન ટાઈમ સેટલમેન્ટ તરીકે ચૂકવવા માટેની દરખાસ્ત સરકારમાં રજુ કરવામાં આવતા સરકારે આ દરખાસ્તને મંજુરી આપી છે.

બાકી લેણાની રકમ એક સાથે ચૂકવવા માટે બજેટની નાણાકીય જોગવાઈ ન હોય ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન પાસે ઉપલબ્ધ થયેલ વ્યાજની આવકની રકમ પૈકી રકમ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડને ટ્રાન્સફર કરી અને ગુજરાત મ્યુનિસીપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા આ બાકી બીલની મૂળ રકમ સંબંધિત વીજ કંપનીઓને ચૂકવવાની રહેશે અને ડીલે પેમેન્ટ ચાર્જ રકમ વેવ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

વન ટાઈમ સેટલમેન્ટ યોજના

● અનુસંધાન પાના - ૭ પર

## ગાંધીનગર જિલ્લાની ચિંતન શિબિર ૧૩મીએ યોજાશે

### અલુવા હિલ્સમાં જિલ્લાના પ્રશ્નોને લઈ ચિંતન કરાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાની જિલ્લાકક્ષાની ચિંતન શિબિર આગામી ૧૩ અને ૧૪ દરમ્યાન કલોલ તાલુકાના અલુવા હિલ્સ ખાતે યોજાશે.

જિલ્લાના ૪૦ થી પણ વધુ અધિકારીઓ, પ્રભારી મંત્રીશ્રી, પ્રભારી સચિવશ્રી સહિતના અધિકારીઓ ભાગ લેનાર છે. પંચાયતના તેમજ જિલ્લાની તમામ કચેરીના વર્ગ-૧ના અધિકારીઓ આ ચિંતન શિબિરમાં જોડાશે.

અધિકારીઓ ૧૩મીએ સાંજે ૫.૦૦ વાગે ચિંતન શિબિરના સ્થળે પહોંચી જશે. ૧૪મીએ સવારે ટીમ ગાંધીનગર જિલ્લાના પ્રશ્નો અંગે જુદા જુદા ગ્રૂપ બનાવી ચિંતન કરશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ચિંતન શિબિરમાં આગામી સરકારી કાર્યક્રમો, નવા પડકારો તેમજ વહીવટને વધુ પ્રજાભિમુખ કેવી રીતે બનાવી સકાય તે વિષયો પર ચિંતન કરવામાં આવશે.

આ શિબિરમાં જિલ્લામાં તેમજ સરકારી કચેરીઓમાં સ્વચ્છતા ઝુંબેશને લઈ પણ વિશેષ ચર્ચા કરવામાં આવશે.

**Little Angels' School**
682/2 Govt Qtrs , Sector ...8, Gandhinagar
**Admissions Open**
Want to see your child become a success story? You know where to send them!
Admissions open for Play Group, pre-primary and primary (Std I to VIII)
Contact: 079 232 45153 between 9 am to 2 pm

**Little Angels' School**
682/2 Govt Qtrs , Sector ...8, Gandhinagar
**WANTED TEACHERS**
Wanted teachers for English, Science, Maths, Gujarati, Art and Craft for primary classes (III to VIII).
We require individuals who not only teach enthusiastically, but are equally spirited to learn, who are strict and friendly, both, with children, according to the demand of the situation. Apply with in 15 days between 9 am to 2 pm
Contact : Ph. No. 079 232 45153







